**ઇજારદારશ્રીને કરેલ કામનું ચૂકવણું**
**RTGS/NEFT પધ્ધતિએ કરવા બાબત**

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
બ્લોક નં.૧૪/૨, સરદાર ભવન,
સચિવાલય,ગાંધીનગર
પરિપત્ર ક્રમાંકઃSSR-૧૦૨૦૧૭-૫૭-સી
તા.30/04/૨૦૧૮

**આમુખઃ-**

ભારત સરકાર દ્વારા ડીઝીટલ ટ્રાંઝેક્શનનો વ્યાપક ઉપયોગ થાય અને બેંકો દ્વારા ઉપલબ્ધ વિવિધ ઓનલાઇન બેંકીંગ સેવાઓનો ઉપયોગ વ્યાપક થાય તે માટે દરેક રાજ્યને સુચનાઓ આપેલ છે અને રાજ્યોને સક્રીય સહયોગ આપવા જણાવેલ છે. ગુજરાત સરકાર દ્વારા પણ વિવિધ સરકારી કચેરીઓમાં કેશલેશ ટ્રાન્ઝેકશન થાય એ મુજબની વ્યવસ્થા ગોઠવવા માટે વખતોવખત સૂચના આપવામાં આવેલ છે. ઇજારદારશ્રીઓના કરેલ કામનું ચૂકવણું RTGS/NEFTથી કરવાની પધ્ધતિથી ઇજારદારશ્રીઓને ઝડપથી નાણા મળી રહે છે. આ નેટ બેન્કીંગ પધ્ધતિ ખૂબ જ અસરકારક અને હકારાત્મક પુરવાર થયેલ છે. ઇજારદારશ્રીએ કરેલ કામનું ચૂકવણું આજના આધુનિક બેન્કીંગ પ્રમાણે RTGS/NEFTથી કરવા અંગે મળેલ વિવિધ રજુઆતો અન્વયે પ્રસ્તુત બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**પરિપત્રઃ-**

ગુજરાત તિજોરી નિયમો, ૨૦૦૦ના નિયમ-૩૩૭ (પ્રકરણ-૧૪) અનુસાર જે તિજોરીઓની રોકડ લેવડ-દેવડ બેન્ક મારફતે થતી હોય ત્યાં શાખપત્ર અંગેના નિયમો પ્રકરણ-૧૩ની જોગવાઇને આધિન રહીને લાગુ પડે છે તેમજ માર્ગ અને મકાન વિભાગના કાર્યપાલક ઇજનેરશ્રીઓ ઉપાડ અને વહેચણી અધિકારી તરીકે Cheque Drawingના Power ધરાવતા હોઇ,વિભાગીય કચેરી હસ્તકના ઇજારદારશ્રી દ્વારા કરેલ કામોના ચૂકવણાં માટે જીલ્લા તિજોરી ખાતેથી LC એડવાઇઝ મંજુર કરાવી, LCનો ચેક કાઢી, બેન્ક મારફતે જે તે ઇજારદારશ્રીને RTGS/NEFTહેઠળ ચૂકવણું કરવાનું રહેશે.

ઉપરોકત તમામ સુચનાનો અમલ ચુસ્તપણે તાત્કાલિક અસરથી કરવાનો રહેશે.

આ પરિપત્ર સરખાક્રમાંકની ફાઇલ ઉપર તા.૦૬/૧૨/૨૦૧૭થી મળેલ નાણાં વિભાગની સંમતિથી બહાર પાડવામાં આવે છે.

(એ.એન.મિસ્ત્રી)
ખાસ ફરજ પરના અધિકારી (વિ.યો. )
માર્ગ અને મકાન વિભાગ
ગાંધીનગર



(પાછળ)

પ્રતિ,

૧. સચિવશ્રીના અંગત સચિવશ્રી,માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૨. સર્વે મુખ્ય ઇજનેરશ્રીઓ, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૩. સર્વે મુખ્ય ઇજનેરશ્રીઓ, નર્મદા, જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૪. મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ, નિર્માણભવન, ગાંધીનગર

૫. મુખ્ય ઇજનેરશ્રી અને ડાયરેકટરશ્રી, સ્ટાફ ટ્રેનીંગ કોલેજ, ગાંધીનગર

૬. ડાયરેકટરશ્રી, ગુજરાત એન્જીનીયરીંગ રીસર્ચ ઇન્સ્ટીટયુટ (ગેરી), વડોદરા

૭. નાણાં સલાહકારશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૮. સર્વે અધિક્ષક ઇજનેરશ્રીઓ, માર્ગ અને મકાન વિભાગ (રાજય, પંચાયત, ને.હા., પાટનગર યોજના વર્તુળ, વિદ્યુત વર્તુળ સહીત)

૯. એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ

૧૦. સર્વે કાર્યપાલક ઇજનેરશ્રીઓ (ઉકત વર્તુળ હેઠળના)

૧૧. સર્વે તાંત્રિક અધિકારીશ્રીઓ, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૧૨. સર્વે તાંત્રિક શાખાઓ, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૧૩. પ્રમુખશ્રી, ગુજરાત કોન્ટ્રાકટર્સ એસોસીએશન, ગજ્જર હોલ, લો ગાર્ડન, લો કોલેજ રોડ, અમદાવાદ

૧૪. શાખા સીલેકટ ફાઇલ-૨૦૧૮

(પાછળ)